**બોટાદના મહે.ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ. બોટાદ**

**ફોજદારી કેસ નં. /૨૦૨**

**** પ્લી તળે હુકમ ****

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ પોતાના હવાલાની લારી/વાહન જાહેર રોડ ઉપર માણસોને અવર જવર કરવામાં માનવ જિંદગી જોખમાય એ રીતે રાખી મળી આવી, ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબનો ગુન્હો કરેલ છે.

**૨.** આરોપીએ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતાં આરોપીની પ્લી લઈ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે આરોપીએ કરેલી કબુલાતએ કોઈના દાબ, દબાણ વિના સ્વ ખુશીએ કરેલ હોય તે નહિ માનવા માટે મને કોઈ કારણ જણાતુ નથી. આરોપી ને સજા અંગે પુછતા જણાવેલ છે કે આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકિકત અને સજાની જોગવાઈ જોતા આરોપી દ્ધારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતાં નામદાર ગુજરાતવડી અદાલતે ૨૦૦૫(૧) જી. એલ . આર. ૭૦૯, નટવરચંદ્ર હિરાચંદ ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ આજરોજ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ, બોટાદ દ્ધારા નેશનલ લોક અદાલતનું આયોજનનાં ભાગરુપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીગનું આયોજન કરેલ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**** <u>હુકમ</u> ****

* આ કામના આરોપીને બી.એન.એન.એસ ની કલમ – ૨૭૫ હેઠળ ઈ.પી.કો કલમ – ૨૮૩ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને રુ. ૧૦૦/– ( અંકે રુ.સો ) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

* જો આરોપીદંડ ન ભરે તો દિન – ૦૭ (સાત) ની સાદિ કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૪ માહે સપ્ટેમ્બર સન ૨૦૨૪ ના રોજ વાંચી, સંભળાવી નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૨૪ **( એ.એન. પટેલ )**
સ્થળ :– બોટાદ **ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ**
**બોટાદ**
**કોડ નં. જીજે ૦૦૯૧૭**

**દંડની રકમ રૂ. ૧૦૦ X ૧ ( આરોપી ) = ૧૦૦/– ( અંકે રૂ. એકસો પુરા) પહોચ નંબર – .................. થી ............. દ્ધારા વસુલ લીધા.**

**આજ તા. ૧૪/૦૯/૨૦૨૪ નાઝર**
**ચીફ જ્યુડિ.મેજીસ્ટ્રેટ કોર્ટ,**
**બોટાદ**